શ્રી રંગ યુવા શકિત દ્વારા ૧૦૦૮ કિલોની અવધૂતી ખિચડી બનાવી નવો વિશ્વ વિક્રમ રચ્યો

(તસવીર : ગની આર. વહોરા, ઉમરેઠ)

ઉમરેઠ, તા. ૧૨

ઉમરેઠના આકાશ પટેલ, ગૌરાંગ પટેલ, હરીશરાય તેમજ તેમના મિત્ર મંડળે અમદાવાદમાં શ્રી રંગ યુવા શકિત દ્વારા શ્રી રંગ અવધૂત મહારાજ શિષ્ય જગદીશાનંદજીના ૬૫મા જન્મદિવસ પ્રસંગે ૧૦૦૮ કિલોની અવધૂતી ખિચડી બનાવી નવો વિશ્વ વિક્રમ સ્થાપીત કર્યો છે.

આ ઉપરાંત ૧૦૦૮ કિલોની ખિચડીથી જુનો ૯૧૨ કિલોની ખિચડીનો વિક્રમ તૂટવા પામ્યો છે. જેની વર્લ્ડ રેકોર્ડની નોંધ લેતા નવા વિશ્વ વિક્રમનો એવોર્ડ આપી સન્માનિત કરી નવા ૧૦૦૮ કિલોની અવધૂતી ખિચડીના વિશ્વ વિક્રમની જાહેરાત કરી હતી.

પ્રેસિડેન્ટ પવન સોલંકી વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા જગદીશાનંદજીને વિશ્વ વિક્રમ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ત્યારે સભ્યશ્રી રંગ યુવા શકિતના આકાશ પટેલ, ગૌરાંગ પટેલ, હરીશરાય તથા મિત્ર મંડળ દ્વારા આ વિશ્વ વિક્રમ કરી ઉમરેઠ તથા ગુજરાતનું નામ રોશન કર્યું છે.

ધોરણ ૧૦ ની પરીક્ષા આપવા આવી રહેલા સરદાર પટેલ હાઈસ્કૂલ ખેતીવાડીના વિદ્યાર્થીઓ. (તસવીર : રાજેશ સુથાર, ચિખોદરા.)

ઉમરેઠ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પણસોરા ખાતે પોલીયો બુથનું ઉદ્‌ઘાટન કરતા શ્રીમતી કપીલાબેન ચાવડા (પ્રમુખ જિલ્લા પંચાયત) હસ્તે કરાયું હતું. સાથે ઉદેસિંહ એમ. પરમાર, સભ્ય જિલ્લા પચંયાત વણસોલ આણંદ, ડૉ. ઠક્કર, ડૉ. આર. કે. ઝાલા (તાલુકા હેલ્થ ઓફિસર, ઉમરેઠ), ડૉ. રાણા, રાકેશ પટેલ તાલુકા હેલ્થ સુપરવાઈઝર, ઉમરેઠ પ્રા. આરોગ્ય કેન્દ્રના સ્ટાફ તથા આશા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : રાજેશ સુથાર, ચિખોદરા.)

વિદેશી દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

આણંદ, તા.૧૨

આણંદ એલસીબી પોલીસે ખંભાત સીટી પો. સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન મળેલ બાતમીના આધારે પોલીસે શક્કરપુર પાધરીયા વિસ્તારમાંથી પરપ્રાન્તના દારૂનો જથ્થો કુલ નંગ ૧૮૨ બોટલ કિંમત રૂા. ૨૬,૨૦૦/- ના મુદ્દામાલ સાથે એક ઈસમને પકડી પાડી પ્રોહીબીશન ધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ એલ.સી.બી. પોલીસ ખંભાત સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન પોલીસ કોન્સ્ટેબલને મળેલ બાતમીના આધારે ખંભાત સીટી વિસ્તારમાં શક્કરપુર પાધરીયા વિસ્તારમાં રહેતા શૈલેષભાઈ દિનેશભાઈ પરમારના ઘેર છાપો મારતાં તેના રહેણાંક મકાનની અંદર રસોડાના ડ્રોવરમાંથી બાથરૂમમાંથી તથા મુખ્ય ખંડમાં સંતાડી રાખેલ અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલોમાં પરપ્રાન્તના દારૂનો જથ્થો કુલે નંગ ૧૮૨ બોટલ કિંમત રૂા. ૨૬,૨૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી શૈલેષભાઈ પરમારને પકડી પાડ્યો હતો.

ગામડી કન્યાશાળામાં વિશ્વ મહિલા દિનની ઉજવણી કરાઈ

આણંદ, તા. ૧૨

ગામડીમાં આવેલ પ્રા. કન્યા શાળામાં વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. દિકરીઓને પોતાનામાં રહેલી શકિતઓને ઉજાગર કરવા ગુરૂજનો તરફથી પ્રેરણાદાયી પ્રવચન આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે દિકરીઓ તરફથી પણ ખુબ સારી સ્ત્રીને લગતી વાતો રજૂ કરવામાં આવી હતી. નારી તુ કોમલ હૈ, કમજોર નહિ એ ગીત સુંદર સ્વરે વિદ્યાર્થીનીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય ડૉ. ઈલાબેન મેકવાને આ શાળામાં ભણતી જીયાનો જન્મદિન ૮મી માર્ચે હોવાથી તેને પુષ્પગુચ્છથી સન્માનિત કરી તેના માતા-પિતાની મંજૂરીથી તેને અભ્યાસ માટે ડૉ. ઈલાબેન દ્વારા દત્તક લઈ આ દિવસને ઉજવવામાં આવ્યો. શાળા પરિવારે ખુબ ઉત્સાહથી વિશ્વ મહિલા દિનની ઉજવણી કરી હતી.

નડીયાદ પેન્શન લેવા નીકળેલ લાલીના વૃધ્ધ ગુમ

(બ્યુરો) નડીયાદ, તા.૧૨

નડીયાદ ખાતે પેન્શનના નાણાં લેવા નીકળેલ ખેડાના લાલી ગામના એક વૃદ્ધ ગૂમ થવાનો બનાવ ખેડા શહેર પોલીસ મથકે નોંધાયો છે.

પ્રાપ્ત માહીતી અનુસાર ખેડાના લાલી ગામના પ્રજાપતિ વાસમાં રહેતા ગોરધનભાઈ છગનભાઈ પ્રજાપતિ (ઉં.વ.૮૨) ગઈકાલે સવારના નડીઆદ પેન્શન લેબ જાઉ છુ તેમ કહી ઘરેથી નીકળ્યા હતા. બાદ તે સમયસર ઘરે ન આવતાં પરિવારજનોએ તેના સંભવીત સ્થળોએ શોધખોળ શરૂ કરી હતી પણ વૃદ્ધ મળી આવ્યા ન હતા.

જેથી તેમના પુત્રે બાબુભાઈએ ખેડા શહેર પોલીસને વાકેફ કરતાં પોલીસે ગૂમ જાણવા જોગ નોંધી તપાસ હાથ ધરી છે.

બોરસદ પાલિકાનું બજેટ મંજૂર કરાયું

આણંદ, તા.૧૨

બોરસદ નગરપાલિકાની સામાન્ય સભામાં મ્યુ. કાઉન્સીલરોએ વર્ષ ૨૦૧૮-૧૯ ના બજેટને મંજુરી આપી હતી.

પાલિકા પ્રમુખ અંજનાબેન રાજીવભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને પાલિકા ભવનમાં ચીફ ઓફિસરની હાજરીમાં બેઠક યોજાઈ હતી. જેમાં વર્ષ ૧૮-૧૯ ના બજેટને રજુ કરવામાં આવ્યું. જેને ઉપસ્થિત સભ્યોએ મંજૂર કર્યું હતું. બજેટમાં રૂા. ૧.૬૯ ના પુરાંતવાળું બજેટ મંજૂર કર્યા બાદ નાણાંપંચની ગ્રાન્ટના બીજા હપ્તાના ૧.૮૨ કરોડના વિકાસના કામો નક્કી કરવામાં આવ્યા હતા. શહેરમાં વિકાસના અન્ય કામોને મંજુરી આપવામાં આવી હતી.

ઠાસરામાં જુગાર રમતા ચાર કબ્જે

(બ્યુરો) નડીયાદ, તા.૧૨

ઠાસરા ઈન્દીરા નગરીમાં ખેડા એલ.સી.બી. એ છાપો મારી મુસ્તાક કમર સૈયદ, અહમદ ગુલામ મલેક, વિષ્ણુ કિશન દેવપૂજક તથા હસમુખ નટુ સોલંકીને રોકડ રૂા. ૩૪૮૫ સાથે જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડ્યા હતા. ઠાસરા પોલીસે જુગારધારાનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

વટાદરાની ૧૮ વર્ષની યુવતી ગુમ થઈ

આણંદ, તા.૧૨

ખંભાત તાલુકાના વટાદરા ગામમાં રહેતા રાજુભાઈ કાભઈભાઈ સુથારની દિકરી જીનલબેન ઉં.૧૮ પોતાના ઘેરથી કોઈને કહ્યા વગર ચાલી જતાં તેની શોધખોળ કરવા છતાં ભાળ ન મળતાં આ બનાવ અંગે રાજુભાઈ સુથારે ખંભાત પો. મથકે જાણવાજોગ ફરીયાદ નોંધાવી હતી.

MISSING

Myself Firozbhai Salimbhai Vohra Resident of 100 ft Road, Anand My Passport No. B5971227 and my sister-in-law Aneesaben Sabbirbhai Vohra her Passport No. F8111213. We both lost our Passport while we were travelling from Anand to Petlad.

નયા પડકાર
ઈન્ટરનેટ ઉપર
વાંચવા માટે ક્લિક કરો
nayapadkar.in

બી.જે.વી.એમ. કોલેજમાં સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાયો

આણંદ, તા.૧૨

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલયમાં લલિતકલા વિભાગ દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમના પ્રમુખ સ્થાને સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. કેતકી શેઠ, વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના વાઈસ પ્રેસીડન્ટ આર. એન. વોરા, સ્પર્ધાના નિર્ણાયક તરીકે આવેલ નિર્ણાયક ગણ રઘુભાઈ જોષી, મનીશ પટેલ અને બી.જે.વી.એમ. પરિવારના સભ્યોએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરું પાડ્યું.

આ કાર્યક્રમમાં કોલેજના બી.કોમ., બી.બી.એ. અને એમ.કોમ.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગીત સ્પર્ધામાં પ્રથમ નંબરે ગોપાલ ભરવાડ, સાજીદખાન દ્વિતિય અને તૃતિય નંબર મેહુલ સભાડએ પ્રાપ્ત કર્યો હતો અને નૃત્ય સભામાં પ્રથમ નંબર ખુશી છત્રીવાલા અને જાના પાસવાન, દ્વિતિય નંબર નિહારીકા ઠક્કર અને તૃતિય નંબર પ્રિયા પ્રજાપતિએ મેળવ્યો હતો.

આયોજન પ્રિન્સિપાલ ડૉ. કેતકી શેઠના માર્ગદર્શન હેઠળ ડૉ. જોહન પરમાર, ડૉ. જીમ્મી પ્રજાપતિ, વૈભવ બરોડિયા અને બી.જે.વી.એમ. પરિવાર દ્વારા કરવામાં અવ્યું હતું.

o o o o o o

ગાનાની પરણીતાને ત્રિશૂળ મારી ઈજાઓ કરતાં ફરીયાદ

આણંદ, તા.૧૨

વિદ્યાનગર નજીક આવેલ ગાના ગામમાં રહેતી એક પરિણીતાને સાસરીયાં દ્વારા પિયરમાંથી રૂપિયા લાવવાનું કહીને ત્રિશુળથી ઈજાઓ કરતાં ફરીયાદ નોંધાવા પામી છે.

પોલીસ ફરીયાદની વિગતો મુજબ આણંદ તાલુકાના જાંખરીયા ગામમાં રહેતા કાન્તીભાઈ સોલંકીની દિકરી મનીષાના લગ્ન ગાના ગામમાં રહેતા રણજીતભાઈ રમેશભાઈ પરમાર સાથે આઠ વર્ષ અગાઉ થયા હતા. રણજીત પરમારને દારૂની ટેવ હોવાથી અવાર-નવાર દારૂ પીને આવીને મનીષાબેનની સાથે ઝઘડા કરી શારીરિક તથા માનસિક ત્રાસ આપોત હતો.

બે દિવસ અગાઉ દારૂ પીધેલી હાલતમાં રઅજીત પરમારે મનીષાને ઘેરથી રૂપિયા લઈ આવવાનું કહ્યું હતું. જેથી મનીષાએ ના પાડતાં તેના પતિએ માર માર્યો હતો તથા ઘરમાં મંદિર પાસે મુકેલું ત્રિશુળ મારીને ઈજાઓ કરી હતી.

o o o o o o

કસુંબાડા પ્રા. શાળામાં વિદાય સમારંભ યોજાયો

આણંદ, તા.૧૨

બુકફિલ પ્રા. શાળા (બોરસદ) માં ધો.૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ તથા વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બોદાલના સી.આર.પી. હેમેન્દ્રભાઈ, ગામના સરપંચ જીતુભાઈ, ખડોલના સરપંચ સુરેશભાઈ, ગામના પંચાયતના સભ્ય અનંતભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

નડિઆદ કિડની હોસ્પિટલના ઉપક્રમે કિડની દિવસે રેલી યોજાઇ : હોસ્પિટલ ૪૦ વર્ષ પૂર્ણ કરે છે

આણંદ, તા.૧૨

નડિઆદની વિખ્યાત મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલ એવા સફરના ૪૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. કિડની હોસ્પિટલના નામથી પ્રસિધ્ધ આ હોસ્પિટલે મૂત્ર માર્ગ અને કિડનીના દર્દોની સારવારમાં નામના અને વિશ્વાસ મેળવ્યાં છે. ગત ચાલીસ વર્ષોમાં આખા ભારતના વિવિધ ભાગોમાંથી દર્દીઓએ અહીં આવી સારવાર મેળવી છે, મેળવી રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય કિડની દિવસ ૮મી માર્ચના રોજ હોસ્પિટલના ઉપક્રમે કિડની અંગે લોકજાગૃતિ અર્થે રેલી યોજાઈ હતી. આ રેલીમાં હોસ્પિટલના ચેરમેન રોહિતભાઈ પટેલ, મેને.ટ્રસ્ટી ડૉ. મહેશભાઈ દેસાઈ, મેડીકલ ડાયરેકટર ડૉ. રસ્તોગી હોસ્પિટલનો કર્મચારી ગણ, શાળાનાં બાળકો અને નડિયાદના ગણમાન્ય નાગરિકો જોડાયા હતાં. આ રેલી કિડની હોસ્પીટલથી આરંભાઈ હતી ને નડિયાદ સંતરામ મંદિરમાં પૂ. રામદાસ મહારાજના આશીર્વાદ સાથે પૂર્ણ થઈ હતી.

કિડની હોસ્પિટલે તેની ચાર દાયકાની કૂચમાં ક્રમબધ્ધ તબીબી સુવિધાઓ વધારતા જઈને વિકાસ સાધ્યો છે. અત્યાર સુધી ૩૦૦૦ જેટલાં કિડની ટ્રન્સપ્લાન્ટ થયાં છે.

૩૦ હજારથી વધુ પથરીનાં ઓપરેશન અહીં કરાયાં છે. પ્રતિવર્ષે ૨૫ હજાર જેટલાં ડાયાલીસીસ થાય છે.

આ ઉપરાંત અનેક પ્રકારની સારવાર અહીં ઉપલબ્ધ છે. વિદેશથી પણ દર્દીઓ અહીં સારવાર માટે સતત આવે છે.

o o o o o o

કરમસદ ખોડીયાર વાડી ખાતે માતાજી કી ચૌકીનો કાર્યક્રમ યોજાશે

આણંદ, તા.૧૨

માં દુર્ગાશક્તિ મિત્રમંડળ વિદ્યાનગર દ્વારા માતાજી કી ચૌકીનો ભવ્ય અને મંગલમય કાર્યક્રમ આગામી તા.૧૮-૦૩-૨૦૧૮ના રવિવારના રોજ સાંજે ૬:૦૦ કલાકે જ્યોતિ પ્રચન્ડ અને મહાઆરતી રાત્રે ૧૨:૦૦ કલાકે ખોડીયાર વાડી કરમસદ ખાતે રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે મુખ્ય કલાકાર જોગીન્દરસિંહ જોગા (દિલ્હી) તેમજ કંચન (નિક્કી પંજાબી) વ્યક્તિ સભર કાર્યક્રમ રજુ કરશે.

જિલ્લા આરોગ્ય અધિકારી નડીઆદના માર્ગદર્શન તેમજ તાલુકા હેલ્થ ઓફિસર વસો દ્વારા વસો ગામના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પોલિયો બૂથમાં જન્મથી પાંચ વર્ષ સુધીના બાળકોને પોલિયોની રસી પીવડાવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેનું ઉદ્‌ઘાટન વસોના મહિલા સરપંચ શ્રીમતી લલીતાબેન કનુભાઈ પટેલના હસ્તે બાળકને પોલિયોના બે ટીપાં પીવડાવીને કરવામાં આવ્યું હતું. (તસવીર : ઘનશ્યામ કાછીયા, વસો.)

શ્રધ્ધાંજલિ

સ્વ. મિનાક્ષીબેન રૂમેશભાઈ પટેલ
18-12-58 To 13-03-2016

અંજલિ આપતાં હૈયું તુટે છે, શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખુટે છે, કુદરતના ખજાનાને ખોટ પડે છે ત્યારે ધરતી પરના મધમધતા ફુલોને ચુંટે છે, જીવન એવું જીવી ગયા કે, મૃત્યુ પણ ઝરમાઈ ગયું, દુઃખને દેખાડયુ નહી, જીવન પંથકના કંટકો સહન કરી કુટુંબ માટે ફુલો પાથરી ગયા, ધાર્મિક નિતિમય જીવન અમોને સતત પ્રેરણા આપશે,પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

રૂમેશભાઈ ઝીકરભાઈ પટેલ
અંકુરભાઈ શાપુરભાઈ પટેલ (ઓડ) હેતુ અંકુર પટેલ (ઓડ)
મેહુલભાઈ અશોકભાઈ પટેલ (વિદ્યાનગર) આર્યા અંકુર પટેલ (ઓડ)
પ્રિયંકા અંકુરભાઈ પટેલ (ઓડ) હેરી મેહુલ પટેલ (વિદ્યાનગર)
સુલોચના મેહુલભાઈ પટેલ (વિદ્યાનગર) માનવ મેહુલ પટેલ (વિદ્યાનગર)

જાહેર નોટીસ

આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે,

મોજે ગામ વડોદ, તા.જી. આણંદની સીમના રેવન્યુ સર્વે નંબરઃ ૯૦૦/પૈકી ૧, જેનું કુલ ક્ષેત્રફળ હેક. ૦-૪૫-૧૯ આરે જેનો આકાર ₹૬.૬૦ પૈસા, ખાતા નંબરઃ ૧૩૮૪ છે તે ખેતીલાયક જમીનના માલિક કનુભાઈ જાલમભાઈ ગોહેલ રહેવાસી મુ.પો. હાડગુડ, તે. પ્રારંભ સોસાયટી પાસે, તા.જી. આણંદનાએ પોતાની માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી અને સંપૂર્ણ ટાઈટલ ક્લીયર છે અને રેકર્ડ ઓફ રાઈટસમાં તેમના નામે ચાલે છે તેમ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ હોય અમારા અસીલે અમારી પાસે સદરહુ મિલકતના ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરેલ જેથી સદર મિલકત અંગે અન્ય કોઈને કોઈ હકક દાવો, લાગભાગ કે ખોરાકી-પોષાકીનો લીયનનો હકક પોષતો હોય કે ગીરો હકક, ગણોત હકક, બાનાખત, કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો બોજો હોય અથવા કોઈ પણ જાતનો અધિકાર હોય કે તકરાર હોય તો અથવા કોઈ પણ પ્રકારનો વેચાણ કરાર કે અન્ય પ્રકારે ચાર્જ કે બોજામાં અથવા તે સંબંધી વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં દસ્તાવેજી પુરાવા સાથે લેખિત વાંધો અમોને નીચેના સરનામે આપવો અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈનો કશી પ્રકારે હકક, દાવો કે વાંધો તે મિલકત માટે નથી અને હકક હોય તો તે વેવ કરેલા છે તેમ માનીને અમો સદરહુ મિલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરીશું તેમજ અમારા અસીલ સદર મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈનો વાંધો કે તકરાર ચાલશે નહીં તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખઃ૧૨/૦૩/૨૦૧૮

યોગેશ દરજી એન્ડ કું

સ્થળ : આણંદ. યોગેશ એમ. દરજી, એડવોકેટ
ઠે.બ્લોક/૧૨૨, નિલકંઠ સ્કવેર, નવા જીલ્લા સેવા સદન સામે, ગણેશ ચોકડી પાસે, આણંદ.તા.જિ.આણંદ.
મો.નં.૯૮૨૫૪૨૮૫૫૦ Email- ydarji88@yahoo.in

જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર (૧) કીરીટકુમાર શનાભાઈ પટેલ, (૨) રમેશચંદ્ર શનાભાઈ પટેલ, (૩) કીરણકુમાર શનાભાઈ પટેલ, તમામ રહે. દરવાજાની ખડકી, સ્વામિનારાયણ મંદિર સામે, મુ. બાકરોલ, તા.જી. આણંદ ના તે આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે :-

મોજે ગામ બાકરોલ, તા.જી. આણંદમા આવેલ જમીનો સર્વે નંબરો ૧૩૨/પૈકી, ૩૦૬/૧ પૈકી, ૩૮૮, ૪૫૮, ૪૭૭, ૪૭૮, ૫૩૨/૩, ૫૩૬, ૫૭૨/૧, ૫૭૩/૧, ૫૭૯/૨, ૭૭૯/૨, ૧૦૫૩, ૧૦૫૬, ૯૯૯, ૧૦૦૪/૧, ૧૦૦૪/૨, ૧૦૦૬, ૧૦૦૮, ૨૧૮૯, ૨૧૯૦/૨, ૨૨૩૯/૧, ૨૨૨૪, ૨૨૪૧, ૨૨૪૩, ૨૨૬૧, ૨૫૬૯/૧, ૪૧૯/૨, ૪૧૯/૩, ૪૪૭, ૭૬૨, ૨૨૩૯ વાળી જમીનો તેમજ વિદ્યાનગર સીટી સર્વે નં. ૧૭૫૯, જેનો ફા. પ્લોટ નં. ૧૪૧૮, જેનુ ક્ષે. ૪૧૬.૨૧.૩૨ તેમજ સીટી સર્વે નં. ૧૭૬૦, જેનો ફા. પ્લોટ નં. ૧૪૭૪, જેનુ ક્ષે. ૪૧૬.૦૯.૦૦ ચો.મી. તેમજ બાકરોલ સીટી સર્વે નં. ૧૭૮૭ (ગભાણ), ૧૮૦૦ (મકાન) અને ૧૮૦૧ (મકાન) વાળી જમીનો/મીલકતો તેમજ તે સિવાયની અમારા નામે આવેલ તમામ જમીનો/મીલકતો કે જે અમારી તથા અમારા અન્ય ભાઈઓ સુરેશભાઈ શનાભાઈ પટેલ તથા ઉપેન્દ્રભાઈ શનાભાઈ પટેલ, પ્રમોદભાઈ શનાભાઈ પટેલ તમામની સંયુકત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલી છે. પરંતુ અમો તમામ પરદેશ મુકામે રહેતા હોઈ, ઉપરોકત જમીનો/મીલકતો અંગે જરૂરી કાર્યવાહીઓ કરવા અમોએ સચિનકુમાર મહેન્દ્રભાઈ પારેખ, રહે. મોટી ખડકી, મુ. બાકરોલ, તા.જી. આણંદ નાઓને પાવર ઓફ એટર્ની એડવોકેટ-નોટરીશ્રી મનહરભાઈ એમ. ગોહેલ પાસે, રજી. અનુક્રમ નં. ૩૦૫, તારીખ : ૩૦/૦૧/૨૦૧૪ ના રોજ નોંધણી કરાવી, નોટરાઈઝડ કરાવીને આપેલ.

આમ, અમારી ઉપરોકત જમીનો/મીલકતો અંગે જરૂરી કાર્યવાહી કરવા સચિનકુમાર મહેન્દ્રભાઈ પારેખ નાઓને પાવર ઓફ એટર્ની કરી આપેલ. પરંતુ હવે પછી થી સદરહુ ઉપરોકત જમીનો/મીલકતો અંગે કરવાની થતી તમામ પ્રકારની કાર્યવાહીઓ અમો જાતે કરવા માગતા હોઈ, અમોએ સચિનકુમાર મહેન્દ્રભાઈ પારેખ નાઓને કરી આપેલ પાવર ઓફ એટર્ની આથી રદ કરીએ છીએ. જેથી સદરહુ પાવર ઓફ એટર્નીના આધારે સદરહુ સચિનકુમાર મહેન્દ્રભાઈ પારેખ નાઓ સાથે કોઈપણ વ્યકિત કે ઈસમે અમારા કુલમુખત્યાર તરીકે કોઈપણ પ્રકારના વ્યવહારો, કરારો કે લભાણો કરવા, કરાવવા નહીં અને તેમ છતાં પણ કરશે, કરાવશે તો તે અમોને કે અમારા હકકોને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતાએ ગંભીર પણે નોંધ લેવી.

તા. ૦૬/૦૩/૨૦૧૮
આણંદ

મારી મારફતે : **નિલમકુમાર એન. પરમાર (એડવોકેટ)**
ઠે.સી.કે.ચેમ્બર, બીજો માળ, ઉર્મિ સોસાયટી, આર.ટી.ઓ. કચેરી સામે, એન.ડી.ડી.બી. રોડ, આણંદ